## ચૂંટણી ચોતરેથી

● પાટણમાં ગુરુવારે ભાજપ દ્વારા હાર્દિક પટેલના પૂતળા દહન કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો પૂતળાનું દહન કરે તે પહેલાં પાટીદાર યુવકો જય સરદાર જયઘોષ સાથે પૂતળું લઈ નાસી ગયા હતા. ત્યારબાદ પાટીદાર યુવકોએ ભાજપના પૂતળાનું દહન કર્યું હતું.

● હાર્દિક પટેલને કેન્દ્ર સરકારે કરેલા સૂચનને પગલે વાય કેટેગરીની સુરક્ષા પુરી પાડવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જ તેને સલામતી અપાઈ છે. હાર્દિકની સાથે ૨૪ કલાક સીઆઈએસએફના જવાનો રહેશે.

● આસામના પૂર્વ સીએમ તરૂણ ગોગોઈ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓએ ભાજપ સરકારની ટીકા કરી વિકાસને લઈ ભાજપ સરકાર પર તીર છોડયા હતા.

● આગામી વિધાનસભાની ચૂંટણીને પગલે સુરક્ષા વ્યવસ્થા માટે બીએસએફના ૬૦૦ જવાનો વલસાડ રેલવે સ્ટેશન આવી પહોંચ્યા છે.

● ભાજપનો ગઢ ગણાતા વઢવાણ વિધાનસભા મત વિસ્તારમાં ત્રિપાંખીયો જંગ જામ્યો છે. આ બેઠક પર સીટીંગ ધારાસભ્ય વર્ષાબેન દોશીના સ્થાને ભાજપે ધનજીભાઈ પટેલને ટીકીટ આપતા જૈન સમાજે નાજગી વ્યકત કરી જૈન સમાજના આગેવાન નરેશભાઈ સંગીતમે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● ઉનાના ભાજપના ઉમેદવાર હરીભાઈ સોલંકીના કાર્યાલયનું ઉદઘાટન ભાજપના કેબીનેટ મંત્રી પ્રકાશભાઈ મહેતાએ કર્યું હતું.

● પ્રથમ તબક્કાની ચૂંટણી માટેના ફોર્મ ભરાવવાની કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. પ્રથમ તબક્કાના ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો પૈકી ૧૩૧ ઉમેદવારો કરોડપતિ છે.

### હિતેશ કનોડિયાને ટિકીટ અપાતા ઉગ્ર વિરોધ શરૂ

ભાજપ દ્વારા આજે રાજય વિધાનસભાની આવી રહેલી ચૂંટણી સંદર્ભમાં જારી કરવામા આવેલી પાંચમી યાદીમા ઈડર બેઠક માટે ગુજરાતી ફિલ્મોના કલાકાર હિતુ કનોડિયાની પસંદગી કરવામા આવતાની સાથે જ ઈડરમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ જવા પામ્યા હતા.સ્થાનિક ઉમેદવાર હી ચલેગા ફિલ્મો કા નટ નહી જેવા બેનરો સાથે સ્થાનિક લોકોએ ઉમેદવારની પસંદગી મામલે વિરોધ પ્રદર્શન પણ કર્યુ હતુ.

# જય શાહ પ્રશ્ને મોદી કેમ મૌન છે : રાહુલ

## ન ખાઉંગા, ન ખાને દૂંગાની વાતો કરનાર મોદી જય શાહના મુદ્દે કેમ ચૂપ છે? : નોટબંધીમાં તમામ ચોરોનું કાળુ નાણું મોદીએ સફેદ કરાવી આપ્યુ છે : રાહુલ

અમદાવાદ, તા.૨૪

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ફરી ગુજરાતની જનતાને આશ્વાસન આપ્યું હતુ કે, ગુજરાતનો વિકાસ મોદી કે ભાજપના લીધે નથી થયો નથી. કોંગ્રેસની સરકાર આવશે તો, દરેક ગુજરાતીની શકિતનો પ્રયોગ અમે કરીશું. અમે તમામ લોકોને સાથે



ગુજરાતની મુલાકાત દરમ્યાન પોરબંદર, સાણંદ, અમદાવાદ સહિતના સ્થળોએ નોટબંધી અને જીએસટીને લઈ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ પરંતુ ગુજરાતની જનતા, ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને સામાન્ય નાગરિકના કારણે થયો છે. ગુજરાતની જનતામાં ભરપૂર શકિતઓ છે. ભાજપના શાસનમાં તમારી શકિતઓનો ઉપયોગ થયો લઈને ચાલીશું અને અમારી સરકાર એ તમારી પોતાની સરકાર હશે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડા હાથે લેતાં જણાવ્યું કે, નોટબંધીએ ભારતીય લોકતંત્રના ઈતિહાસમાં સૌથી મોટી ભૂલ હતી અને સ્વયં મોદીજીએ હિન્દુસ્તાનના ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, નાના દુકાનદારો, વેપારીઓ, મહિલાઓ, બહેનો બધાને લાઈનમાં લગાવી દીધા અને બેંકોના પાછલા દરવાજેથી હિન્દુસ્તાનના તમામ ચોરોએ પોતાનું કાળુ નાણું સફેદ કરાવી દીધું. આ બહુ આઘાતજનક અને લોકશાહીના ઈતિહાસમાં કાળા દિવસ સમાન ઘટના છે. કારણ કે, નોટબંધી દરમ્યાન ૧૦૦થી વધુ નિર્દોષ નાગરિકો મોતને ભેટયા અને લાખો લોકો બેરોજગાર થઈ ગયા. આટલુ ઓછું હોય તેમ નોટબંધીના પ્રહાર બાદ મોદી સરકારે જીએસટીનો વજાઘાત લોકોને માર્યો, ખાસ કરીને નાના દુકાનદારો, વેપારીઓ અને મધ્યમ કદના ઉદ્યોગકારો ખતમ થઈ ગયા. રાહુલે આ વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની કંપનીનો કરોડોનો નફો અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સેબી દ્વારા દંડ ફટકારવાના મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીધા સવાલો કરતાં જણાવ્યું હતું કે, મોદીજી દેશના યુવાઓ અને જનતાને એ સમજાવે કે, અમિત શાહના પુત્ર જય શાહની કંપની રૂ.૫૦ હજાર કરોડમાંથી રૂ.૮૦ કરોડનો નફો કરતી કેવી રીતે થઈ ગઈ? ગુજરાતમાં લાકો બીઝનેસમેન છે તેઓ પણ સમજવા માંગે છે કે, ત્રણ મહિનામાં રૂ.૫૦ હજારમાંથી રૂ.૮૦ કરોડનો નફો કેવી રીતે થાય ? બધા સમજે છે કે, આટલો બધો નફો બેઈમાની અને ચોરી કર્યા સિવાય શકય નથી અને મોદીજી કહેતા હતા કે, ના ખાઉંગા, ના ખાને દૂંગા. પરંતુ હવે તેમનું વાકય બદલાઈ ગયું છે કે, ના બોલુંગા, ના બોલને દૂંગા. જય શાહ મુદ્દે કંઈક તો બોલો મોદીજી.

રાહુલે ફરી એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, ગુજરાતમાં માત્ર પાંચ-દસ ઉદ્યોગપતિઓનું જ ચાલે છે. ગુજરાતમાં ખેડૂતો, આદિવાસીઓની જમીન, પાણી, વીજળી છીનવીને તેમના હક્કના પાણી, વીજળી અને જમીન મોદીના માનીતા ઉદ્યોગપતિઓને આપી દેવાય છે. નર્મદાનું પાણી ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓને અપાય છે પરંતુ ખેડૂતો અને આદિવાસીઓને મળતું નથી. મોદી સરકાર અને ભાજપ વાયદાઓ કરે છે પરંતુ પાળતા નથી. રાહુલ ગાંધીએ શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીને લઈને પણ મોદી સરકાર અને




ભાજપ પર ચાબખા વરસાવ્યા હતા. રાહુલે જણાવ્યું કે, ગુજરાતમાં ૯૦ ટકા કોલેજોનું ખાનગીકરણ થઈ ગયું છે. આજે ગરીબ આદિવાસીઓ કે ખેડૂતોના સંતાનોને ભણાવવા હોય કે કોલેજમાં મોકલવા હોય તો ખિસ્સામા પહેલાં પાંચ-દસ લાખ રૂપિયા હોવા જોઈએ પરંતુ તે તેમની પાસે નથી. આરોગ્યના ક્ષેત્રે પણ આ જ હાલત છે. લોકોને કેન્સર, હૃદયરોગ સહિતની ગંભીર બિમારીઓમાં પણ લાખો રૂપિયાના ખર્ચ વિના સારવાર મળતી નથી. જયારે કોંગ્રેસે તેના શાસિત રાજયોમાં આ સારવારો મફત ઉપલબ્ધ કરાવી હતી. બેરોજગારી પણ આજે એક પડકારસમાન ચિંતાનો વિષય બની રહ્યો છે. આજે આપણી સ્પર્ધા ચીન સાથે છે. ચીન રોજના ૫૦ હજાર લોકોને રોજગારી આપે છે, જયારે મોદીજી માત્ર દેશમાં ૪૫૦ યુવાઓને રોજગારી આપે છે. દર વર્ષે બે કરોડ યુવાઓને રોજગારી આપવાનો તેમણે વાયદો કર્યો હતો પરંતુ તે પળાયો નથી અને આજે ગુજરાતમાં ૫૦ લાખ બેરોજગાર યુવાનો રોજગારી માટે તરસી રહ્યા છે.

## રાહુલે અનેક મુદ્દે ચર્ચા કરી

**તમે લાઇનમાં ઉભા હતા ? હું પણ ઉભો હતો**

રાહુલ ગાંધીએ નોટબંધીના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યા હતા કે, મોદીએ નોટબંધી કરી દેશના તમામ લોકોને લાઈનમાં લગાવી દીધા. રાહુલે વિશાળ જનસમુદાયને પૂછયું કે, તમે લાઈનમાં ઉભા હતા? બધાએ કહ્યું હા..જેથી રાહુલે સ્મિત સાથે કહ્યું કે, હું પોતે પણ લાઈનમાં ઉભો હતો. રાહુલે ફરી પૂછયું કે, એ લાઈનમાં તમે કોઈ સુટબુટવાળાને લાઈનમાં ઉભેલા જોયા હતા, તો બધાએ કહ્યું ના..જેથી રાહુલે ખુલાસો કર્યો કે, એ બધાને મોદીજીએ બેંકના પાછલા બારણે તેમનું કાળુ ધન સફેદ કરાવી આપ્યું હતું એટલે..

**રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધીના જન્મસ્થળની મુલાકાત લીધી**

રાહુલ ગાંધીએ આજે સવારે પોરબંદર એરપોર્ટ ઉતર્યા બાદ દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થાન કિર્તી મંદિર ખાતે મુલાકાત લીધી હતી. રાહુલ ગાંધીએ બાપુને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી તેમની યાદોને સ્મરણ કરી હતી. રાહુલે બાપુની તસવીરને સૂતરની આંટી પહેરાવી તેમને બે હાથ જોડી વંદન કર્યા હતા. રાહુલે કસ્તૂરબાની તસવીરને પણ નમન કર્યા હતા. આ પ્રસંગે તેમની સાથે ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, કોંગ્રેસના સિનિયર નેતાઓ અર્જુન મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ સહિતના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

**રાહુલ ગાંધીએ સાણંદમાં દલિતોનો વિશાળ રાષ્ટ્રધ્વજ સ્વીકાર્યો**

સાણંદમાં રાહુલ ગાંધીએ આજે દલિત સમાજના કાર્યક્રમમાં હાજરી આપી તેઓને ઉત્સાહિત અને પ્રોત્સાહિત કર્યા હતા. રાહુલ ગાંધીએ દલિત આગેવાનો તરફથી તૈયાર કરાયેલો વિશ્વ રેકોર્ડ ધરાવતો વિશાળ રાષ્ટ્રધ્વજ સ્વીકાર્યો હતો અને આ રાષ્ટ્રધ્વજ દિલ્હીના ઈન્દિરાગાંધી મેમોરિયલ મ્યુઝિયમમાં રાખવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ પણ ખાસ હાજર રહ્યા હતા.

**દસ ઉદ્યોગપતિઓના ૧.૨૦ લાખ કરોડ માફ કર્યા**

રાહુલ ગાંધીએ નેનોને રૂ.૩૫ હજાર કરોડ ફાળવવાના નિર્ણયને લઈ પ્રહાર કરતાં જણાવ્યું કે, નેનો માટે રૂ.૩૫ હજાર કરોડ મોદીજી દ્વારા અપાય છે પરંતુ ગુજરાતના ખેડૂતોના દેવા માફ થતા નથી. દેશના દસ ઉદ્યોગપતિઓના રૂ.૧.૨૦ લાખ કરોડ માફ કર્યા અને તમને એટલે કે, દેશની જનતાને ૨૮ ટકા જીએસટી ચૂકવવા ફરજ પાડવામાં આવે છે, હજુ જો જો..આગામી દિવસોમાં ઉદ્યોગપતિઓના રૂ. છ લાખ કરોડ મોદીજી માફ કરી દેશે.

# કોંગ્રેસની ફોર્મ્યુલા પાટીદારોને ગેરમાર્ગે દોરે છે : નીતિન પટેલ

અમદાવાદ, તા.૨૪

પાટીદાર નેતા હાર્દિક પટેલ દ્વારા પાટીદાર અનામતની ફોર્મયુલાનો સ્વીકાર કરવામા આવ્યા બાદ આજે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે અનામતના મામલે કોંગ્રેસ અને કપિલ સિબ્બલ ઉપર આકરા પ્રહારો કરતા કહ્યુ કે,૫૦ ટકાથી વધારે અનામત આપવી શકય જ નથી અને આ બાબતે ખુદ કપિલ સિબ્બલ દ્વારા વર્ષ-૧૯૯૮માં સુપ્રિમ કોર્ટમાં દલીલ કરી હતી.તેમણે કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યુ કે,કોંગ્રેસે માત્ર અને માત્ર ચૂંટણીમાં લાભ લેવા પાસ અને પાટીદારોને છેતર્યા છે.આજે એક પત્રકાર પરિષદને સંબોધતા રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે



કહ્યુ કે,કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાટીદાર અનામત મામલે કોંગ્રેસને કાયદાકીય સલાહ પુરી પાડનારા કપિલ સિબ્બલ પર આકરા પ્રહારો કરતા કહ્યુ કે,સિબ્બલે આ મામલે પાટીદાર સમાજ ને છેતરવા બદલ,ગેરમાર્ગે દોરવા બદલ માફી માંગે તેવી માગ કરી હતી. તેમણે કહ્યુ કે,કપિલ સિબ્બલ પોતે વર્ષ-૧૯૯૮માં સ્વીકારી ચુકયા છે કે,૫૦ ટકાથી વધુ અનામત આપી ન શકાય.તેઓ પોતે આ અગાઉ આ પ્રકારના ચૂકાદા સુપ્રિમ કોર્ટમા આપી ચુકયા છે.આ સાથે જ તેમણે કહ્યુ કે,બે મોંઢાની વાત કરનાર કોંગ્રેસ ખુલ્લી પડી ગઈ છે અને તેમણે માત્ર અને માત્ર ચૂંટણીમાં લાભ લેવા માટે જ પાટીદાર સમાજ અને પાસને છેતર્યા છે ખોટી લાલચ આપી છે એ વાત સાબિત થાય છે.તેમણે વધુમા કહ્યુ કે,કોંગ્રેસની આ છેતરપિંડી ખુલ્લી પાડવા માટે મેં મારા વકીલ મિત્રોની મદદ અને કાયદાકીય આધાર સાથે કોંગ્રેસની આ છેરામણી લાલચ પરથી પડદો ઉચકી રહ્યો છું.કપિલ સિબ્બલે ગુજરાતમા એવી ફોર્મયુલા રજુ કરી કે,૫૦ ટકાથી વધારે અનામત આપી શકાય.તેમણે હાર્દિકને પણ એવો સમજાવ્યો અને ભણાવ્યો કે તે પત્રકાર પરિષદમાં બધી બંધારણની કલમો બોલી ગયો.એમ પણ બોલી ગયો કે, સુપ્રિમ કોર્ટના ત્રણ જજમેન્ટ છે,આદેશ નથી,બંધારણમાં કયાંય લખ્યુ નથી કે,૫૦ ટકા કરતા વધારે અનામત આપી ન શકાય.પરંતુ મારી પાસે વિગત છે કે,વર્ષ-૧૯૯૮માં સુપ્રિમ કોર્ટ સામે અરજદારોના વકીલ તરીકે કપિલ સિબ્બલ પોતે હતા.તેમણે કોર્ટમાં જે દલીલ કરી હતી તેમાં તેમણે મુખ્ય દલીલમાં કહ્યુ હતુ કે,અગાઉ સુપ્રિમ કોર્ટે જે જજમેન્ટ આપ્યા છે,સુપ્રિમ કોર્ટની બંધારણીય કોર્ટની બેન્ચ દ્વારા ૧૯૬૩મા એક સધ્ધિાંત પ્રસ્થાપિત કર્યો હતો કે,કોઈપણ સંજોગોમાં ૫૦ ટકા કરતા વધુ અનામત કોઈપણ રીતે કોઈપણ રાજયમા આપી શકાય નહીં.

# નિર્મલા સીતારામને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

ભાજપ તરફથી પ્રચાર અર્થે અમદાવાદ આવી પહોંચેલા કેન્દ્રિય રક્ષા મંત્રી નિર્મલા સીતારમણે રાહુલ ગાંધી તથા કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'હવે જ્યારે ચૂંટણી પ્રચારનો છેલ્લો તબક્કો શરૂ થયો છે, ત્યારે હું સૌનું ધ્યાન એ તરફ દોરવા માંગું છું કે, રાહુલ ગાંધીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ પ્રચારના શરૂઆતના તબક્કા દરમિયાન કેટલાંક સવાલો પૂછ્યા હતા અને કોંગ્રેસ કે રાહુલ ગાંધી તરફથી એ એક પણ સવાલનો જવાબ આપવામાં નથી આવ્યો.'

એક મૂર્તિ પણ બરાબર પકડી નથી શકતા.. શુક્રવારે સવારે રાહુલ ગાંધી જ્યારે પોરબંદર પહોંચ્યા ત્યારે સરદાર કે મહાત્મા ગાંધીની મૂર્તિની પ્રતિકૃતિ આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એ પ્રતિકૃતિ રાહુલના હાથમાંથી પડતા બચી હતી. આ ઘટનાનો ઉલ્લેખ કરતાં નિર્મલા સીતારમણે કહ્યું કે, 'આજની જ નાનકડી ઘટના જોઈએ. જો કે એને ગંભીરતાથી ના લેવી જોઈએ, કોઈનો પણ હાથ લસરી શકે છે. માટે એને વધુ પ્રોત્સાહન નહીં આપું. પરંતુ એમને કાર્યક્રમમાં જ્યારે એક મહાપુરૂષની મૂર્તિ આપવામાં આવે છે ત્યારે બરાબર પકડવી જોઈએ, જવાબદારીની ભાવના સાથે લેવી જોઈએ. મૂર્તિ લીધી અને બાજુમાં કોઈને આપી દીધી, બસ પતી ગયું. આ ઘટના પરથી એમણે સરદાર પટેલ સાથે કરેલ વર્તન મને યાદ આવે છે. આજ સુધી કોંગ્રેસ સરદારને પૂરા મનથી સ્વીકારી નથી શકી અને એ વાત તેમના વાણી-વર્તનમાં દેખાય છે.'

# ગરીબોની સરકાર જ્યારે મધ્યમવર્ગની બનશે ત્યારે ૨૦૧૯માં PM મોદીની નૈયા પાર ઉતરશે

ભારતમાં એનડીએની બનેલી નરેન્દ્ર મોદીની સરકાર શાસનના સાડા ત્રણ વર્ષ પૂરાં કર્યા છે ત્યારે આ સમયમાં કરેલી મહત્વની યોજનાઓના ફળ ગરીબ વર્ગને મળવા લાગ્યા છે પરંતુ હજી મધ્યમવર્ગ કે જેને અનેક આશાઓ હતી તે આશા ઠગારી નિવડી છે, કારણ કે સરકાર પાસે આ વર્ગ જ લૂંટાઈ રહ્યો છે. શાસનના બાકીના બે વર્ષમાં જો મધ્યમવર્ગ પર ધ્યાન અપાશે તો તે આવનારી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મોદી માટે જમા પાસું કહેવાશે.

૨૦૧૭નું વર્ષ ન્યૂ ઈન્ડિયાના મિશન સાથે શરૂ થયું છે. આ મિશનમાં આધુનિક શહેરો, સ્માર્ટ સિટીઝનું નિર્માણ કરવાનું થાય છે. કેન્દ્રની યોજનાઓમાં એક બાબત એવી છે કે જો રાજ્યો તેને પૂરજોશથી ઉપાડી લેશે તો સરકારના વિકાસકામોની અસર તળીયા સુધી પહોંચશે અન્યથા અનેકવિધ યોજનાઓ મધદરિયે અટવાઈ જવાની દહેશત છે.

પિરામિડના તળિયે આવતી ભારતીય પ્રજાને ભારતીય અર્થતંત્ર બે હજાર અબજ અમેરિકી ડોલર જેટલું કદાવર બની ગયું હોવા છતાંય અને વિશ્વમાં વિકસી રહેલા બજારોની હરોળમાં ટોચનું સ્થાન ધરાવતું થઈ ગયું હોવા છતાંય તેના વિકાસના ફળો તેમના સુધી ખરેખર પહોંચ્યા નથી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દેશના વિકાસ માટેની મુખ્ય યોજનાઓ મારફતે જ આમઆદમીને જ સશક્ત બનાવવામાં આવી રહ્યો છે. તેથી જ દેશની સંપત્તિની મુખ્ય રખેવાળ ગણાતી સરકારની યોજનાના લાભ મેળવવાનો પોતાનો પહેલો અધિકાર હોવાનું જતાવવાનું શરૂ કરી દેશે. વાસ્તવમાં તો નવું રાજકીય અર્થતંત્ર ખીલતા ફૂલની જેમ તેની પાંખો ખોલી રહ્યું છે.

આ રાજકીય અર્થતંત્ર આ રીતે કામ કરી રહ્યું છે. સરકાર સમાજના ચોક્કસ વર્ગ સુધી નહિ પરંતુ સમાજના બહોળા વર્ગ સુધી યોજનાઓનો લાભ જાય તેવું આયોજન કરે છે. પરિણામે સરકારી તંત્રમાં એટલે કે પિરામિડમાં ટોચનું સ્થાન ધરાવતા લોકો અને પિરામિડના તળિયે આવેલી જનતા વચ્ચેના સંબંધો મજબૂત બની રહ્યા છે.

એક રીતે જોઈએ તો બંને વચ્ચેની ટેક્નોલોજી કલ્પી પણ ન શકાય તેવા જોડાણો ઊભા કરી આપે છે. આ જોડાણ બંને તરફથી કામ કરી શકે તેવું છે. રાજ્યના તંત્રને આ ટેક્નોલોજી યોગ્ય વ્યક્તિને ઓળખી કાઢવામાં અને યોગ્ય લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ કરે છે અને તેની મદદથી લાઈનમાં છેલ્લે ઊભી રહેલી વ્યક્તિને પણ સશક્ત-સમર્થ બનાવે છે. લાઈનમાં છેલ્લે ઊભી રહેલી વ્યક્તિ ત્યાં ઊભી રહેવા માગતી જ નથી. આ વ્યક્તિ પણ આગળ વધવા ઉતાવળી બની ગઈ છે.




યોજના પછી પ્રધાનમંત્રીની જનધન યોજના હોય કે પછી બીમા સુરક્ષા યોજના અથવા તો અટલ પેન્શન યોજના અથવા તો પછી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર હોય, આ દરેક યોજનાઓનો મૂળભૂત ઉદ્દેશ એકદમ સ્પષ્ટ જ છે. વિકાસની યોજનાઓના લાભ વાસ્તવમાં દરેક પ્રજાજન સુધી પહોંચે તે માટેનો પ્રયાસ જ છે.

આ ઉદ્દેશ સાથે તૈયાર કરવામાં આવેલી યોજનાઓમાં ઘરમાં નોકર તરીકે કામ કરતી વ્યક્તિને, સિક્યોરિટી ગાર્ડને, ખેતરમાં મજૂરી કરતા મજૂરને અથવા તો કાર્યકુશળતા ન ધરાવતા અને મકાનના બાંધકામની સાઈટ પર મજૂરી કરતી વ્યક્તિને પોતાને એમ લાગે કે પોતે બેન્કમાં પ્રવેશ કરી શકે તેટલો સશક્ત કે સમર્થ બન્યો છે.

ઉપર દર્શાવેલી દરેક કેટેગરીમાં આવતી વ્યક્તિ બેન્કમાં જઈને તેમના ખાતાઓ ખોલાવી શકતા હોવાથી તેમને માટે અગણિત તક ઊભી થવા માંડી છે. તેઓ તેમના આ ખાતાઓને અજોડ કહેવાય તેવા આધાર નંબર સાથે લિન્ક કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો બેન્ક ખાતાઓને યુનિક આઈડી આધાર નંબર સાથે જોડી શકે છે. બેન્કનું આ એક ખાતું તેમના માટે ચમત્કાર કરી રહ્યું છે. આ ખાતું ન હોવાને કારણે જ આર્થિક મુખ્ય પ્રવાહથી આ લોકો દૂર કે વેગળા હતા.

સરકારી યોજનાઓના લાભ સમાજના આ વર્ગ સુધી પહોંચાડવા માટેના બેન્ક એકાઉન્ટ અને આધારકાર્ડ થકી મળેલો ઓળખ નંબર સરકારે ટાર્ગેટ કરેલા ગ્રુપ સુધી દરેક લાભને પહોંચાડવામાં મદદરૂપ બન્યા છે. અગાઉ તેમને આપવાને પાત્ર લાભની રકમ કોઈ પોતાના ખિસ્સામાં સેરવી લે તેવું બનતું હતું. પરંતુ આ સિસ્ટમમાં તે શક્ય રહ્યું નથી.

વાસ્તવમાં તો કન્યાઓને પ્રોત્સાહન આપવાની યોજના, પેન્શન, પાક વીમા-ક્રોપ ઈન્સ્યુરન્સ, રાંધણ ગેસ પરની સબસિડીના લાભ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર-ડીબટીથી ટ્રાન્સફર કરવા તેના થકી જ શક્ય બન્યા છે. તેની મદદથી જ ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝનના કાર્યક્રમનો અમલ યોગ્ય રીતે થઈ શક્યો છે. ભારત સરકારની લાભને યોગ્ય વ્યક્તિ સુધી પૂર્ણપણે પહોંચાડવાની વ્યવસ્થાની તો ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને વર્લ્ડ બેન્કે પણ સરાહના કરેલી છે.

જનધન યોજના હેઠળ ખોલવામાં આવેલા ૨૮ કરોડ ખાતાઓમાં અંદાજે રૂા. ૬૪૦૦૦ કરોડ પડેલા છે. તેમણે તેમના પૈસા લેવા માટે બેન્કના મકાન સુધી જવાની જરૂર પણ નથી. તેઓ ડેબિટકાર્ડના ઉપયોગ કરીને એટીએમમાંથી પૈસા ઉપાડી શકે તેવી સુવિધા તેમને પણ મળી છે. સ્માર્ટ ફોન તથા અન્ય ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈઝના માધ્યમથી નાણાંકીય બાબતે જે જાગૃતિ લાવવામાં આવી છે તેથી જુદી જુદી ટેક્નોલોજીના મિશ્રણથી બેન્કિંગ કરી શકાય છે.

ખેતરમાં મજૂર કરનાર કે પછી ઘરમાં નોકર તરીકે કામ કરનારી વ્યક્તિ ઉપલા વર્ગના શિક્ષિત શહેરીજન જેટલા જ આત્મવિશ્વાસથી અને આસાનીથી રૂપે કાર્ડ એટીએમ પર સ્વાઈપ કરાવીને તેના આર્થિક વહેવારો કરી શકે છે. તદુપરાંત બેન્ક મિત્ર તથા બેન્કિંગ કોરોસ્પોન્ડન્ટ તરીકે કામ કરતા ૩.૭૫ લાખ લોકોનો સમુહ નજીક વસતા કે દેશના અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોના ઘરના દ્વારા સુધી રૂપે કાર્ડ જેવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સ પહોંચાડી રહ્યા છે.

આ સાથે જ સ્વચ્છ ભારતની યોજનાની વાત કરવામાં આવે તો તે એક બહુ જ મહત્વાકાંક્ષી યોજના છે અને તેની સામેના પડકારો પણ બહુ જ મોટા છે. આ યોજના તેની પોતાની રીતે જ સંગીન બની રહી છે. આ યોજનાને માત્ર ઝાડું અને કચરાપેટીની યોજના તરીકે જોવાનું બંધ કરીને તેનાથી આગળ તેનો વિચાર કરવાની જરૂર છે. આ યોજનામાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માટે મેક ઈન ઈન્ડિયા તથા વેપાર ઉદ્યોગના ક્ષેત્રમાં નવા સાહસિકો માટેની સ્ટેન્ડ અપ ઈન્ડિયાની યોજના પણ છે. આ યોજનાનો અમલ થાય તો આપણે આયાત કરતા દેશને બદલે નિકાસ કરતા દેશ તરીકે વધુ આગળ આવી શકીએ તેમ છે. તેનાથી દેશના યુવાનો માટે રોજગારીની લાખો તક નિર્માણ થશે. નવી રોજગારીની તક નિર્માણ કરવી અને બેકાર યુવાનોને રોજગારી પૂરી પાડવી એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે.

**ન્યૂ ઇન્ડિયા પહેલાં ૨૮ કરોડ બેન્ક ખાતામાં ૬૪૦૦૦ કરોડ રૂપિયા જમા થયા છે : પિરામિડના તળિયે આવેલી પ્રજા વચ્ચેના સંબંધો મજબૂત બની રહ્યાનું કહેવાય છે : સ્વચ્છ ભારતની યોજના મહત્વપૂર્ણ છે પરંતુ તેની સામે અનેક પડકારો ઉભા છે**